# ટૂંકી મુદતનો પ્રશ્ન

**તા.૨૩/૦૮/૨૦૨૪**

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ શાળાના વિદ્યાર્થીઓને ખાનગી કોચીંગ**

ટૂં.મુ. પ્રશ્ન ક્રમાંક:– 15/5/63 **માન.સભ્યશ્રી શૈલેષ પરમાર**(દાણીલીમડા): **માન. શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| **(૧)** | તા.૧૦–૮–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધો.૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ફક્ત હાજરી પુરાય અને આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચીંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાની કઈ શાળાઓ ધ્યાને આવી, | **(૧)** | તા.૧૦–૮–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ધો.૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ફક્ત હાજરી પુરાય અને આવા વિદ્યાર્થીઓ ખાનગી કોચીંગ કલાસમાં શિક્ષણ મેળવતા હોવાની એક પણ શાળાઓ ધ્યાને આવેલ નથી. |
| **(૨)** | ઉકત સ્થિતિએ તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધા, | **(૨)** | લાગુ પડતું નથી. |
| **(૩)** | ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં ઉકત શહેર અને જિલ્લાવાર કેટલી સરકારી અને ગ્રાન્ટેડ શાળાની તપાસ કરવામાં આવી અને કેટલી શાળાઓની તપાસ એક પણ વખત કરવામાં આવી નથી. અને | **(૩)** | – ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ શહેરમાં કુલ ગ્રાન્ટેડ ૬૧ વિજ્ઞાન પ્રવાહ શાળાઓની સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેમજ વિજ્ઞાન પ્રવાહની એકપણ શાળાની સ્થળ તપાસ કરવાની બાકી નથી.<br>– ઉકત સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૩૪ વિજ્ઞાન પ્રવાહ (સરકારી અને ગ્રાન્ટેડ) શાળાઓ પૈકી ૨૩ શાળાઓની તપાસ કરવામાં આવેલ છે. તેમજ ૧૧ શાળાઓની એકપણ વખત તપાસ કરવામાં આવેલ નથી. |
| **(૪)** | ઉકત તપાસ દરમ્યાન કઈ શાળામાં શી ખામીઓ કે ગેરરીતિ સામે આવી? | **(૪)** | કોઈ ગેરરીતિ સામે આવેલ નથી. |

------------------